<u>ઈ-મેઇલ મેસેજ</u>

<u>પ્રતિ</u> :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

<u>જાણ</u> :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર

(gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

<u>પ્રેષક</u> :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**<u>નંબર</u>** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૨૫/૨૦૨૩, તા.૧૦/૦૪/૨૦૨૩

**<u>વિગત</u>** :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૦૩/૦૪/૨૦૨૩ થી તા.૦૯/૦૪/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- જો જીલ્લા શહેર કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોયઃ-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના જા.જોગ રજી.નં.૧૬/૨૦૨૨, તા.૦૬/૦૪/૨૦૨૩ અન્વયે ગુમ થનાર કંચનબેન વા/ઓ અશ્વિનભાઇ અરજનભાઇ બળેજા જાતે કોળી ઉ.વ.૩૬ ધંધો મજુરી રહે.ઝુંડાળા નવીખડપીઠ પાસે પોરબંદર વાળીનો કમલાબાગ પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૯૨૩૦૨૩૭/૨૩ આઇ.પી.સી. ક.૩૦૨ મુજબ ગુનો રજી કરેલ છે

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) મહિલા પોલીસ સ્ટેશનના રૂપાડીબા કન્યા શાળા તા.૦૫/૦૪/૨૦૨૩ મહિલા સબંધી ગુન્હાઓનુ પ્રમાણ ઘટાડવા અને બાળકોમા સાયબર ક્રાઇમ વિષે જાગૃતિ લાવવા તેમજ ૧૮૧ હેલ્પ લાઇનનો ઉપયોગ કરવા અંગે પોરબંદર મહિલા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી કે.એમ.સૈયદ નાઓના તથા મહિલા પોલીસ સ્ટાફ દ્વારા સુદામા વિસ્તારમા આવેલ રૂપાડીબા કન્યા શાળામા સાઇબર જાગૃતિ અંગેનો કાર્યક્રમનું આયોજન કરેલ અને બાળકોને સાયબર ક્રાઇમ વિષે તેમજ ઇ.એફ.આઇ.આર. અંગે માહિતગાર કરવામા આવ્યા. તેમજ ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ,મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ તેમજ વિદ્યાર્થીઓને ગુડ ટચ બેડ ટચ અંગેની જાણકારી આપવામા આવી હતી. આ ઉપરાંત સાયબર ફ્રોડ, ઘરેલુ હિંસા, છેડતી તથા મહિલા/યુવતી ને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી. મોબાઈલ માં કોઈ અજાણી વ્યક્તિ હેરાન કરે, બ્લેકમેઈલિંગ કરે તો ગભરાવવા ને બદલે તાત્કાલિક વડીલો ને અથવા પોલીસ ને જાણ કરી દેવી જોઈએ. જે કાર્યક્રમમાં રૂપાડીબા કન્યા શાળા ના આચાર્ય શ્રી પ્રીતીબેન કોટેચા તથા ૧૯૭ વિધ્યાર્થીઓ હાજર રહેલ.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય:-**

(૧) કમલાબાગ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં ૦૨૨૧/૨૦૨૩ I.P.C. ક.૩૬૩,૩૬૬ મુજબ તા.૨૭/૦૩/૨૦૨૩ અન્વયે અપહરણ થનાર પ્રગતીબેન ઉમર-૧૪ વર્ષ-૧૦ મહીના-૧૧ દિવસ રહે. નવાપાડા ગણેશજીના મંદીર પાછળ, ગરબીચોક,કાથાના ડાયરા પાછળ, ખારવાવાડ પોરબંદર વાળીને તા.૦૩/૦૪/૨૦૨૩ ના રોજ કમલાબાગ પો.સ્ટે. ના પો.ઇન્સ.શ્રી એસ.ડી.સાળુકે નાઓએ ટેકનિકલ સોર્સના આધારે પંચગાવ હરીયાણા ખાતેથી શોધેલ છે.

(૨) કીર્તીમંદીર પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૦૨૫/૨૦૨૩ પ્રોહિ ક.૬૫-ઇ,૮૧,૮૩,૧૧૬ખ,૯૮(૨) મુજબ ના કામેના આરોપી દિવ્યેશ ઉર્ફે ભુરો પરસોતમભાઇ કાણકીયા રહે.ભાટીયા બજાર કેશવ સ્કુલ સામે પોરબંદરવાળો આણંદ રૂરલ પો.સ્ટે.ના ઉપરોક્ત ગુનાના કામે નાસતો ફરતો હોય અને મજકુર હાલ જ્યુબેલી પુલ તરફથી પોરબંદર સીટી તરફ આવતો હોય જેથી તુરંત જ હકિકત વાળી જગ્યાએ પોહચી જઈ તપાસ કરતા બાતમી મુજબ કીર્તીમંદીર પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રી વી.પી.પરમાર તથા પોલીસ સ્ટાફ દ્વારા મજકુર આરોપી જ્યુબેલી પુલ મામદેવના મંદિર પાસે ઉભો જોવામા આવતા મજકુર આરોપીને ઉપરોક્ત ગુનાની સમજ કરી સદર આરોપીની અન્ય કોઈ ગુનામાં સંડોવણી બાબતે તથા ગુનાહિત ઈતિહાસ બાબતે પોકેટ કોપ/ઇગુજકોપ મારફતે તપાસ કરી ઉપરોક્ત ગુનાના કામે C.R.P.C કલમ ૪૧(૧)(આઇ) મુજબ ધોરણસરની કાર્યવાહી કરી આણંદ રૂરલ પોલીસને વધુ તપાસ અર્થે સોપી આપેલ છે.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) મહિલા પોલીસ સ્ટેશનના તા-૦૪/૦૪/૨૦૨૩ સીનીયર સીટીજનોની મુલાકાત કરવામા આવી તથા તેમને હેલ્પલાઇન નં.૧૪૫૬૭ વિશે જાણકારી આપવામા આવી.તથા તા-૦૫/૦૪/૨૦૨૩ સીનીયરસીટીજનો અને મહિલાઓની મુલાકાત કરવામા આવી તેમજ તેમને કોઇ મુશ્કેલી હોય તો પોલીસનો સંપર્ક સાધવા માહિતગાર કરવામા આવ્યા.

(૨) હાર્બર પોલીસ સ્ટેશનના તા-૦૪/૦૪/૨૦૨૩ ના જાવર વિસ્તાર માં મહિલાઓની મુલાકાત થતા મહિલાઓને સાયબર ક્રાઇમ તથા ૧૮૧ હેલ્પ લાઇન બાબતે તેમજ ઘરેલુ હિંસાના બનાવ બાબતે તેમજ મહિલાઓની છેડતીના બનાવને લગતા કોઇ પ્રશ્નો હોય તો તાત્કાલીક પોલીસનો સંપર્ક સાધવાનું જણાવવામાં આવેલ તથા મહિલા/યુવતી ને અત્યાચારને લગતી તમામ સમસ્યા અંગે કાયદાકીય માહિતી તેમજ કાનુની સહાય અને રક્ષણ કેવી રીતે મેળવી શકાય તે બાબતે જાણકારી પુરી પાડવામાં આવી હતી.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર